Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

## (માનનીય વડાપ્રધાનશ્રીની "રાષ્ટ્ર પ્રથમ, સુવિધા કરતાં કર્તવ્ય મહાન" ની અપીલને સ્વૈચ્છિક રીતે અપનાવવા બાબત.)

યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક ભવનોના વડાશ્રીઓ, સર્વે શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ, તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને યુનિવર્સિટીના સૌ વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો...

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલમાં ચાલી રહેલી વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને પડકારોના સમયમાં, ભારતના અર્થતંત્રને વધુ સુદ્રઢ બનાવવા તથા વિદેશી હૂંડિયામણની બચત કરવાના હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મે-૨૦૨૬ માં દેશવાસીઓને એક અત્યંત મહત્વપૂર્ણ અપીલ કરી છે. તેમણે **"રાષ્ટ્ર પ્રથમ, સુવિધા કરતાં કર્તવ્ય મહાન" (Nation First, Duty Above Comfort)** ના મંત્ર હેઠળ ૭-મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એ દક્ષિણ ગુજરાતનું એક અગ્રણી વિદ્યાધામ છે, અને સમાજને દિશા બતાવવાની જવાબદારી આપણા સૌની છે. આથી, યુનિવર્સિટી સાથે જોડાયેલા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓને નીચે મુજબના મુદ્દાઓ પર સ્વૈચ્છિક અમલ કરવા ભાવભીની અપીલ કરવામાં આવે છે:

**૧. ઇંધણ બચત અને પરિવહન:** કોલેજ કે યુનિવર્સિટી આવવા-જવા માટે વ્યક્તિગત વાહનોને બદલે જાહેર પરિવહન (Public Transport), કાર-પૂલિંગ અને ઇલેક્ટ્રિક વાહનો (EV) નો મહત્તમ ઉપયોગ કરીએ, જેથી આયાતી ઇંધણ પરની નિર્ભરતા ઘટાડી શકાય.

**૨. વર્ચ્યુઅલ મિટિંગ અને કામકાજ:** સમય અને ઊર્જાના બચાવ માટે, જ્યાં પણ શક્ય હોય ત્યાં (ખાસ કરીને વહીવટી અને સંશોધન પરામર્શ માટે) વર્ચ્યુઅલ મિટિંગ્સ (Online Meetings) નો આગ્રહ રાખીએ.

**૩. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન:** "વોકલ ફોર લોકલ" (Vocal for Local) ના મંત્રને આત્મસાત કરી, રોજિંદા જીવનમાં અને કેમ્પસમાં સ્થાનિક ચીજવસ્તુઓની ખરીદીને જ પ્રાધાન્ય આપીએ.

**૪. પર્યાવરણ અને સજીવ ખેતી:** ગ્રામીણ પૃષ્ઠભૂમિ સાથે જોડાયેલા આપણા વિદ્યાર્થીઓ અને NSS/NCC ના યુવાનો ખેડૂતોને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવા અને સજીવ ખેતી (Organic Farming) તરફ વળવા જાગૃત કરે.

આપણું નાનું એવું યોગદાન દેશ માટે મોટો બદલાવ લાવી શકે છે. યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યો અને ખાસ કરીને આપણા યુવા વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રીય અભિયાનમાં જોડાઈને અન્યો માટે પ્રેરણારૂપ બનશે, તેવી દ્રઢ શ્રધ્ધા છે.

આવો, આપણે સૌ સાથે મળીને "રાષ્ટ્ર પ્રથમ" ની ભાવનાને ચરિતાર્થ કરીએ.

12/05/26

કુલસચિવ

**ક્રમાંક:** VNSGU/NSS/Appeal/૯૪૩૧/૧/2026

**તારીખ:** ૧૨ મે, ૨૦૨૬

**પ્રતિ,**

યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક ભવનોના વડાશ્રીઓ તથા તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ - આ પરિપત્ર સંસ્થાના નોટિસ બોર્ડ, વેબસાઇટ, સ્ટુડન્ટ ડેશબોર્ડ અને વિદ્યાર્થીઓના વિવિધ ગ્રુપ્સમાં પ્રસિદ્ધ કરવા તથા અન્ય વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને બહોળા પ્રમાણમાં માહિતગાર કરવા અર્થે.